# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ००१

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૫/૬/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા 'આત્મનિર્ભર ગુજરાત' રાહત પેકેજને ચેમ્બર આવકારે છે

**સુરત :** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા રૂપિયા ૧૪૦૨૨ કરોડના 'આત્મનિર્ભર ગુજરાત' રાહત પેકેજને ચેમ્બર આવકારે છે તથા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઇ પટેલ, ઉર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલ, ઉદ્યોગ તથા ખાણ વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરી શ્રી એમ.કે. દાસ, ઉદ્યોગ કમિશનર ડો. રાહુલ ગુપ્તા, રાજ્યના એમએસએમઇ કમિશનર શ્રી રણજીથ કુમાર તથા ઇકોનોમિક એડવાઇઝરી કમિટીના ચેરમેન ડો. હસમુખ અઢીયા અને ઇકોનોમિક એડવાઇઝરી કમિટીના તમામ મેમ્બરનો ઉપરોકત જાહેરાતમાં ચેમ્બરની મોટાભાગની રજૂઆતોને ધ્યાને લઇ ચેમ્બરની માંગણીઓને રાહત પેકેજમાં સામેલ કરવા બદલ હૃદયપૂર્વક આભાર માને છે.

ચેમ્બર દ્વારા લાંબા સમયથી રાજ્યના ઉર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલને વીજળી બીલમાં રાહત આપવા અંગે વારંવાર રજૂઆત કરવામાં આવી હતી. તેના અનુસંધાને રાજ્ય સરકારે લો ટેન્શન ઔદ્યોગિક એકમોના એપ્રિલ અને મે મહિનાના ફિક્સ્ડ્ ચાર્જીસને માફી આપવામાં આવેલ છે. તથા મોટા ઉદ્યોગોને મે મહિનાના ફિક્સ્ડ્ ડિમાન્ડ ચાર્જીસમાં ત્રણ મહિનાનો મોરેટોરિયમ પિરિયડ આપવામાં આવ્યો છે. ચેમ્બરે જૂન મહિના માટે પણ ફિક્સ્ડ્ ડિમાન્ડ ચાર્જીસ માફ કરવાની માંગણી કરેલ છે. આ અંગે ચેમ્બર દ્વારા વધુ રજૂઆતો કરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા 'આત્મનિર્ભર ગુજરાત' રાહત પેકેજમાં ઘણી જાહેરાત કરવામાં આવી છે જેવી કે,

- ખાસ કરીને ટેક્ષ્ટાઇલ ક્ષેત્રને રૂપિયા ૪૫૦ કરોડ સુધીની કેપીટલ તથા ઇન્ટરેસ્ટ સબસિડી તા. ૩૧ જુલાઇ ૨૦૨૦ પહેલા લાભાર્થીઓના ખાતામાં જમા કરાવવા જાહેરાત કરી છે.

- એમએસએમઇ ક્ષેત્રના એકમોને રૂપિયા ૭૬૮ કરોડની કેપીટલ અને ઇન્ટરેસ્ટ સબસિડી તા. ૩૧ જુલાઇ ૨૦૨૦ સુધી લાભાર્થીઓના ખાતામાં જમા કરાવવા જાહેરાત કરેલ છે. જેના કારણે દક્ષિણ ગુજરાત રિજનમાં આવેલ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગો તથા વિવિધ એમએસએમઇ એકમો ઘણી રાહત અનુભવશે.

- પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત રાજ્યના મત્સ્ય ઉદ્યોગ માટે રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૨૦૦ કરોડની ફાળવણી કરેલ છે. આ જાહેરાતને કારણે દક્ષિણ ગુજરાતના એકવા કલ્ચર ક્ષેત્રના ઉદ્યમોને ઘણો ફાયદો થવાની સંભાવના છે.

- રાજ્યના એગ્રો તથા ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્ર માટે રૂપિયા ૯૦ કરોડ જેટલી કેપીટલ અને ઇન્ટરેસ્ટ સબસિડી ૩૧ જુલાઇ પહેલા ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ દ્વારા રિલીઝ કરવાની જાહેરાત કરેલ હોઇ દક્ષિણ ગુજરાતના હોર્ટીકલ્ચર ઉદ્યમીઓને ઘણી રાહત થશે.

- સ્વરોજગારીઓને સહાયપેટે રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૩૦૦ કરોડની જાહેરાત કરેલ છે. જેના અનુસંધાને સ્વરોજગારીઓને રૂપિયા એકથી અઢી લાખ સુધી ચાર ટકા વ્યાજ સાથેની લોન મળશે. જેમાં લોનની મુદત ત્રણ વર્ષ માટે છે અને છ મહિનાનો મોરેટોરિયમ આપેલ છે.

- રાજ્ય સરકારે દુકાનો, ઓફિસો, હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ તથા દવાખાના વિગેરેને ૨૦ ટકા પ્રોપર્ટી ટેક્ષમાં રાહત આપી છે.

- રહેણાંક મિલ્કત ઉપર તા. ૩૧ જુલાઇ ૨૦૨૦ સુધી પ્રોપર્ટી ટેક્ષ ભરવામાં આવે તો તેમાં ૧૦ ટકાની છુટ આપી છે.

- દરેક પ્રકારની નાની દુકાનોમાં ત્રણ મહિના માટે ઇલેક્ટ્રીસિટી ડયુટી ૨૦ ટકાથી ઘટાડીને માત્ર ૫ ટકા કરવામાં આવી છે. આનાથી ટ્રેડર્સની ઘણી બચત થશે તેવુ અનુમાન છે. પરંતુ કઇ દુકાનોને નાની ગણવી તેની વ્યાખ્યા સરકારે જાહેર કરી નથી. આ અંગે ચેમ્બર રાજ્ય સરકાર પાસેથી સ્પષ્ટતા મેળવશે.

- ટુરીસ્ટ બસ, ટ્રાવેલ ટેમ્પો અને ટેક્ષી માટે છ મહિનાનો રોડ ટેક્ષ માફ કરવામાં આવ્યો છે. ચેમ્બરે એક વર્ષ માટે રોડ ટેક્ષને માફ કરવામાં આવે તેમ રજૂઆત કરી હતી. જો કે, ચેમ્બર આ અંગે સરકારના નિર્ણયનો સ્વીકાર કરે છે.

- રાજ્યના વેટના કાયદા અંતર્ગત ચેમ્બર દ્વારા વર્ષ ૨૦૧૭ તથા તેની પહેલાના તમામને એસેસમેન્ટ ઓર્ડર ઇશ્યુ નહી કરવા તથા રીટર્ન ફાઇલ થયેલ હોય તેને ફાઇનલ ગણી મંજૂર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. આ રજૂઆતનો આંશિક રીતે સ્વીકાર કરી રૂપિયા ૧૦ કરોડથી ઓછા ટર્નઓવર ધરાવતા એકમોને તા. ૧/૪/૨૦૧૭થી ૩૦/૬/૨૦૧૭ દરમિયાનના સમયગાળાના આધારે જે કોઇપણ નોટિસ ઇશ્યુ કરાઇ હોય તેને સરકાર દ્વારા પરત ખેંચી લેવાની જાહેરાત કરેલ છે.

- સાથે સાથે ઉપરોકત એકમો આંતરરાજ્ય ધંધાકીય પ્રવૃત્તિમાં હોય તેવા તમામ એકમોના વેટ રીટર્ન મંજૂર કરી આપેલી દરેક નોટિસો પાછી લેવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ નિર્ણયને પણ ચેમ્બર આવકારે છે.

- જીઆઇડીસીમાં આવતા એકમોને ભરવી પડતી નોન યુઝ ફીમાં કોવિડ– ૧૯ અંતર્ગત છુટછાટ આપવા માટે ડો. હસમુખ અઢીયાના નેજા હેઠળની ઇકોનોમિક એડવાઇઝરી કમિટીને ચેમ્બરે રજૂઆત કરી હતી. આ વિષય અંગે સરકાર દ્વારા ખાલી પ્લોટ હોલ્ડર્સ માટે વર્ષ ૨૦૨૦–૨૧ માટે સંપૂર્ણ માફી જાહેર કરી છે તથા મોરેટોરિયમ પિરિયડમાં એક વર્ષનો વધારો જાહેર કરવામાં આવ્યો છે.

- તદુપરાંત ટ્રાન્સફર ફીમાં પાંચ ટકા ઘટાડો જાહેર કર્યો છે. જેથી ઉદ્યોગકારોને ઘણી રાહત થશે.

ઉપરોકત તમામ વિષયો અંગે ચેમ્બર દ્વારા લોકડાઉન દરમિયાન રજૂઆતો કરવામાં આવી હતી. ચેમ્બરની માંગણીઓને ધ્યાને લઇ ગુજરાત સરકાર દ્વારા જે રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે તેને ચેમ્બર દ્વારા સહર્ષ સ્વીકારવામાં આવે છે તથા રાજ્ય સરકારના સંબંધિત મંત્રીશ્રીઓ તેમજ પદાધિકારીઓ અને અધિકારીઓનો આભાર માને છે.